ઉપલી જગા પર બઢતી માટેની પસંદગીયાદીઓ તૈયાર કરવા માટે ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત કર્મચારી/ અધિકારીઓના ચોકકસ સમયગાળાના ખાનગી અહેવાલો ધ્યાનમાં લેવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૨૦૦૯-૭૮૬૧૨૩-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૧/૦૨/૨૦૧૫

વંચાણમાં લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૮/૯૩ નો ઠરાવ ક્રમાંકઃ- એસએલટી-૧૦૮૯-૮૯૪-૫૦૦(૯૩)-ગ.૨,

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧/૧૦/૯૭ નો ઠરાવ ક્રમાંકઃ- એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨,

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૧૨/૨૦03 નો પરિપત્ર ક્રમાંકઃ- એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨,

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪/03/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ- ખઠલ -૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક

ઠ રા વઃ-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલા ઠરાવો/પરિપત્રથી ઉપરના સંવર્ગમાં બઢતી માટેની પસંદગીયાદીઓ તૈયાર કરવા માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠકો યોજવા અંગે તેમજ ખાતાકીય બઢતી સમિતિએ બઢતી માટે વિચારણા હેઠળના અધિકારી / કર્મચારીઓના ખાનગી અહેવાલો ધ્યાનમાં લેવા બાબતે સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) આગળના તા.૦૧/૧૦/૧૯૯૭ ના ઠરાવથી ખાતાકીય બઢતી સમિતિની બેઠકો સામાન્ય રીતે જુલાઈ થી સપ્ટેમ્બર માસ દરમ્યાન યોજવામાં આવે અને અસાધારણ સંજોગોમાં જો પસંદગીયાદી વહેલી પુરી થઇ જાય અને તે પછી બીજી વધુ જગ્યાઓ બઢતીથી ભરવાની અનિવાર્યતા ઉભી થાય અને તે માટે આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ સુધી રાહ જોઈ શકાય તેમ ન હોય ત્યારે પસંદગી સમિતિની બીજી બેઠક સમયે અગાઉ પુરા થતા વર્ષના ખાનગી અહેવાલો ધ્યાનમાં લેવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સામાન્ય રીતે દર વર્ષે પસંદગીયાદીઓ તૈયાર કરવામાં આવે છે. પરંતુ કેટલાક સંવર્ગોમાં ખાલી જગ્યાનું પ્રમાણ મોટુ હોય છે અને તે માટે વિચારણામાં આવતાં અધિકારીઓ સમગ્ર રાજ્યની વિવિધ કચેરીઓમાં ફરજો બજાવતા હોય છે. પરિણામે તેમના કિસ્સામાં જરૂરી ખાનગી અહેવાલો મેળવવાની/ખાતાકીય તપાસોની વિગતો મેળવવાની કામગીરી ચાલુ કરેલ હોવા છતાં અને કેટલાક વહીવટી કારણોસર ખાતાકીય બઢતી સમિતિની બેઠક તા.૩૧/3 સુધીમાં બોલાવવાનું શક્ય બનતું નથી.

અને પરિણામે નવું વર્ષ શરૂ થતાં નવા ખાનગી અહેવાલ મેળવવાના થાય છે. જે ઉપર દર્શાવેલ પરિસ્થિતીમાં પુન: વિલંબમાં પરિણમે છે. આ સંજોગોમાં અધિકારીઓ/ કર્મચારીઓની બઢતી અંગેની બાબત વિલંબિત થવાની ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ નિવારવા સા.વ.વિ.ના સંદર્ભ (૨) માં દર્શાવવામાં આવેલા તા.૧/૧૦/૧૯૯૭ના ઠરાવના ફકરા-૩(૨) ની જોગવાઈમાં સુધારો કરીને હાલના ફકરા-૩(૨) ના સ્થાને નીચે મુજબ ફકરો-૩(૨) દાખલ કરવામાં આવે છે.

" ૩(૨) ખાતાકીય બઢતી/પસંદગી સમિતિની બેઠક જયારે પણ યોજવામાં આવે ત્યારે તે અગાઉ પુરા થતાં વર્ષ સુધીના ખાનગી અહેવાલો અચુક ધ્યાને લેવામાં આવે.

પરંતુ સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં તા.૧/૦૪/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધીમાં મળેલ ખાતાકીય બઢતી/પસંદગી સમિતિની બેઠકમાં અગાઉના પુરા થયેલ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને ન લેવાયેલ હોય તેવી ખાતાકીય બઢતી/પસંદગી સમિતિની ભલામણોને છુટછાટ મુકીને વિચારણામાં લેવાનું આથી ઠરાવવામાં આવે છે."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતાના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
- વિશિષ્ટ ફાઈલ.
- પત્ર ધ્વારા.